તાપમાન
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૨૪ ટકા ● સાંજે ૧૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭ | ૨૯ માર્ચ, ૨૦૧૬, મંગળવાર ; ફાગણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- કેરળમાં પણ ઓમાન ચંડી, સુધિરનની વચ્ચે ખેંચતાણ
- ડિફોલ્ટરો સામે કઠોર પગલા લેવા માટે જેટલીની ચેતવણી
- મકાઈ, ઘઉં, ખાંડ, તેલની કિંમતમાં નોંધપાત્ર વધારો
- અંતિમ ૩ વર્ષમાં દરરોજ એક સૈન્ય અધિકારીએ નોકરી છોડી
- કોલસા કાંડ : રૂંગટા બંધુઓ આખરે દોષિત જાહેર કરાયા
- લાહોર : આત્મઘાતી હુમલાના એક દિવસ બાદ ભારે દહેશત
- પાક તપાસ ટીમને મંજુરી બદલ મોદી ઉપર પ્રહારો
- મૌલાના મસૂદ અઝહરના વોઇસ સેમ્પલની એનઆઈએ દ્વારા માંગણી
- મહેબુબા ભારત માતા કી જય સ્લોગન બોલે : સેના
- સેન્ટ્રલ લાયબ્રેરી સંદર્ભમાં ભુજબળની સામે ચાર્જશીટ

# વ્યાજદરમાં ૦.૨૫ ટકા ઘટાડાના અણસાર

**વર્ષની પ્રથમ નાણાંકીય નીતિ સમીક્ષા પાંચમી એપ્રિલે કરાશે : હોમ અને કાર લોન સસ્તી થવા માટેની રાહ જોઇ રહેલા ગ્રાહકોને મોટી રાહત મળશે : સરકાર, શેરબજાર, ઓટોમોબાઇલ કંપનીઓની સમીક્ષા પર નજર**




મુંબઈ,તા. ૨૮

રીઝર્વ બેંક પાંચમી એપ્રિલના દિવસે જારી કરવામાં આવનાર વર્ષ ૨૦૧૬-૧૭માટેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષામાં વ્યાજ દરમાં ઘટાડો કરવા માટે તૈયાર છે. આ અંગે છેલ્લા કેટલાક દિવસથી સંકેતો પણ મળી રહ્યા છે. હવે તમામ બેંકરો અને અર્થશાસ્ત્રી પણ માની રહ્યા છે કે પાંચમી એપ્રિલના દિવસે રીઝર્વ બેંક પોલીસી સમીક્ષા રજૂ કરતી વેળા વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. જો કે આરબીઆઈ વ્યાજદરમાં કેટલો ઘટાડો કરે છે તે અંગે હજુ સુધી કોઈ વાત કરવામાં આવી નથી. મોટા ભાગના બેંકરો અને નિષ્ણાંતો માને છે કે વ્યાજદરમાં પાંચમી એપ્રિલના દિવસે ૦.૨૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવનાર છે. જો કે રેટમાં કાપનો લાભ બેંકો સામાન્ય લોકોને આપશે કે કેમ તે અંગે બેંકો દ્વારા કોઈ વાત કરવામાં આવી નથી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેયરમેન અરૂણધતી ભટ્ટાચાર્યે કહ્યુ છે કે ફુગાવો હાલ કાબુ હેઠળ છે તે જોતા

● અનુસંધાન પાન-૭ પર

## અરૂણાચલ અને ઉત્તરાખંડ બાદ મણિપુરમાં કોંગ્રેસ સાવધ

**ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય ખેંચતાણ વધુ વધવાના એંધાણ : મણિપુરમાં અસંતુષ્ટ સભ્યો મુખ્યમંત્રી ઓકરામની સામે અવાજ બુલંદ કરી રહ્યા છે**

નવી દિલ્હી,તા. ૨૮

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારને સત્તામાં બે વર્ષ પરિપૂર્ણ થઈ રહ્યા છે ત્યારે કેટલાક રાજ્યોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય ખેંચતાણ વધી રહી છે. અરૂણાચલ પ્રદેશ અને હવે ઉત્તરાખંડમાં કોંગ્રેસની સરકારને ઉથલાવી દેવામાં આવ્યા બાદ બન્ને પાર્ટી વચ્ચે લડાઈ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આ જ કારણસર મણિપુરને લઈને કોંગ્રેસ પાર્ટી અને લીડરશીપ સાવધાન થઈ ગઈ છે. કારણ કે મણિપુરમાં પણ અસંતુષ્ટ



ધારાસભ્યો બળવો કરવાના મુડમાં દેખાઈ રહ્યા છે. મુખ્યપ્રધાન ઓકરામ ઈબોબી સિંહ સામે બળવો કરવાના મુડમાં સભ્યો આવી ગયા છે. ઈબોબી સિંહે દ્વારા તાજેતરમાં જ કેટલાક પ્રધાનોને દુર કરવામાં આવ્યા બાદ નારાજ અને બળવાખોર સભ્યોએ વિરોધ કર્યો હતો. આ સભ્યોએ માંગ કરી હતી કે મુખ્યપ્રધાન અસંતુષ્ટોને સામેલ કરીને પ્રધાનમંડળનુ વિસ્તરણ કરે. પરંતુ તેમની માંગ તરફ ધ્યાન આપવામાં આવ્યુ ન હતુ. આ માંગ કરવામાં આવ્યા બાદ ઈબોબી સિંહને સૌથી પહેલા દિલ્હી બોલાવવામાં આવ્યા હતા. અરૂણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં સ્થિતીને નિહાળ્યા બાદ હવે મણિપુરને લઈને કોંગ્રેસ લીડીરશીપ સાવધાન થઈ ગઈ છે.

## પઠાણકોટમાં સમગ્ર એરબેઝમાં તપાસની પાક ટીમને મંજુરી નથી

**પાકિસ્તાનની સંયુક્ત તપાસ ટીમની તપાસ અંગે પારીકરનો ખુલાસો : પાક ટીમ આજે આતંકવાદી દ્વારા જ્યાં હુમલો કરાયો હતો તે જગ્યામાં તપાસ કરશે**

નવી દિલ્હી,તા. ૨૮

પઠાણકોટ ત્રાસવાદી હુમલાને લઈને એક નવા ઘટનાક્રમમાં સંરક્ષણપ્રધાન મનોહર પારીકરે આજે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, પાકિસ્તાનની જોઈન્ટ ઈન્વેસ્ટીગેશન ટીમ (જેઆઈટી)ને સમગ્ર પઠાણકોટ એરબેઝમાં તપાસ કરવાની મંજુરી આપવામાં આવી નથી. સંરક્ષણમંત્રીએ ખુલાસો કરતા કહ્યું હતું કે, અમને એરબેઝમાં કોઈપણ જગ્યાએ જવા પાકિસ્તાનની ટીમને મંજુરી આપી નથી. જેઆઈટીના અધિકારીઓને એવી જગ્યાએ જવા માટે મંજુરી મળી છે જે જગ્યાએ ગુનો બન્યો હતો. આ વિસ્તારને સીલ કરીને એનઆઈએ તપાસ કરી રહી છે. ભારત અને પાકિસ્તાને આજે આતંકવાદી હુમલાના મામલામાં તપાસ પર ચર્ચા હાથ ધરી હતી. પઠાણકોટ એરબેઝની મુલાકાત આવતીકાલે પાકિસ્તાનની ટીમ લેનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-વેસ્ટઈન્ડીઝ વચ્ચે ૩૧મીએ સેમીફાઈનલ

મોહાલી,તા. ૨૮

મોહાલીમાં રમાયેલી આઈસીસી ટ્વેન્ટી વર્લ્ડ કપની મહત્વપૂર્ણ મેચમાં ગઈકાલે મોડી રાત્રે ભારતે વિરાટ કોહલીની વિરાટ બેટિંગની મદદથી ઓસ્ટ્રેલિયા સામે જીત મેળવીને સેમીફાઈનલમાં કુચ કરી લીધી હતી. આની સાથે જ ભારત હવે ટ્વેન્ટી કપની નજીક પહોંચી રહ્યુ છે. હવે ભારત સામે પ્રમાણમાં નબળી ટીમ રહેનાર છે. સેમીફાઈનલમાં ભારત હવે ૩૧મીએ વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે. વેસ્ટ ઈન્ડિઝની ગઈકાલે અફઘાનિસ્તાન સામે પણ હાર થઈ ગઈ હતી. ભારત મુંબઈમાં ૩૧મી માર્ચના દિવસે વિન્ડીઝ સામે રમનાર છે. વિરાટે ૫૧ બોલમાં ૮૨ રન કરીને નોટ આઉટ રહ્યો હતો. અગાઉ મેદાન પર આઈસીસી ટ્વેન્ટી કપમાં સુપર ગ્રુપની મેચમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૬૦ રન બનાવ્યા હતા. આની સાથે જ

● અનુસંધાન પાન-૭ પર

## પાટીદાર ટોળાએ વાંકાનેર પાસે ટોલ નાકા પર તોડફોડ કરી

અમદાવાદ, તા.૨૮

કાગવડ ખાતે યોજાયેલા પાટાદાર સંમેલન બાદ પરત ફરતી વખતે પાટીદાર તોફાને ચઢી અમદાવાદ-રાજકોટ પર વાંકાનેર બાઉન્ડ્રી પાસે આવેલ ટોલનાકું તોડી પાડી ટોલનાકાના કર્મચારીઓને માર મારતાં હાઈ વે પર ભારે અફરાતફરીનાં દૃશ્યો સર્જાયા હતાં. આ ધાંધલ-ધમાલના કારણે રોડની બંને તરફ દસ કિલોમીટર સુધી વાહનોની કતારો લાગી જતાં ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો અને અનેક લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ગઈકાલે કાગવડમાં પાટીદાર સંમેલન યોજાયું હતું જેમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી મોટી સંખ્યામાં પાટીદાર ઉપસ્થિત રહ્યા હતા. સંમેલન બાદ પરત ફરતી વખતે બામણબોર વાંકાનેર બાઉન્ડ્રી પાસે આવેલ ટોલનાકા પર પાટીદારોની કારો ઊભી રહી હતી અને ટોલટેક્સ બાબતે ટોલનાકાના કર્મચારીઓ સાથે પાટીદારોને ઉગ્ર બોલાચાલી થતાં મામલો બિચક્યો હતો અને જોતાજોતામાં જ કેટલાક યુવાનોએ ટોલનાકામાં ઘૂસી જઈ જોરદાર તોડફોડ કરતાં ભારે તંગદિલી છવાઈ હતી. આ ઘટનાને પગલે રોડની બંને તરફનો ટ્રાફિક જામ થઈ ગયો હતો અને દસ દસ કિલોમીટર સુધી વાહનોની કતારો લાગી હતી. ઘટનાની જાણ થતાં જ લાગી ગઈ હતી.










**વેચવાનું છે**

સેક્ટર-૨/ડી, સ્વામિનારાયણ મંદિર રોડ ઉપર પ્લોટ નં. ૧૧૨૦/૨, ૧૩૫ ચો.મી.ના પ્લોટનું ભોંયરા સાથેનું બે માળનું મકાન વેચવાનું છે.

સંપર્ક : ૯૭૧૨૭ ૩૧૮૬૭ (દલાલ માફ)

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧